તા-૧૧-૦૨-૨૦૨૫
દિવ્ય ભાસ્કર પાના નં. ૦૧

### 12 ફેબ્રુઆરીએ ભારત-ઈંગ્લેન્ડ મેચને પગલે જાહેરનામું કરાયું

# બુધવારે જનપથથી મોટેરા ગામ સુધીનો રોડ સવારે 9થી વાહનો માટે બંધ રહેશે

ક્રાઇમ રિપોર્ટર | અમદાવાદ

12 ફેબ્રુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે વન-ડે રમાવાની હોવાથી ટ્રાફિક ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે. બુધવારે જનપથથી મોદી સ્ટેડિયમ થઈ મોટેરા ગામ સુધીનો રોડ સવારે 9 વાગ્યાથી રાત્રે મેચ પૂરી ન થાય ત્યાં સુધી બંધ રહેશે. પોલીસ કમિશનરે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, વાહનચાલકો તપોવન સર્કલથી ઓએનજીસી ચારરસ્તા થઈ વિસતથી વાયા જનપથ થઈ અવરજવર કરી શકશે. ઉપરાંત કૃપા રેસિડેન્સિથી શરણ સ્ટેટસ ચાર રસ્તા થઈ ભાટ કોટેશ્વર રોડ થઈ એપોલો સર્કલ તરફ અવરજવર કરી શકાશે. મેચ પૂરી થાય ત્યાં સુધી વૈકલ્પિક રૂટ અપનાવવાનો રહેશે.

## મેટ્રો રાત્રે 12 સુધી દોડવાશે

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની મેચને પગલે મેટ્રો પણ રાત્રે 12 વાગ્યા સુધી દોડાવવામાં આવશે. સામાન્યપણે રાત્રે 10 સુધી જ મેટ્રો દોડતી હોય છે. પરંતુ પ્રેક્ષકો માટે 2 કલાક વધારવામાં આવ્યા છે. મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી મેટ્રો દર 8 મિનિટે મળશે. રાત્રે 10 પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશવા માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે. આ પેપર ટિકિટ નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશન પરથી દિવસ દરમિયાન એડવાન્સમાં ખરીદી શકાશે. લાઈનમાં ઊભા રહેવામાંથી મુક્તિ માટે આ વ્યવસ્થા કરાઈ છે.